620

**સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને કોમર્શીયલ પાઈલોટ લાયસન્સ તાલીમ માટે નાણાંકીય લોન આપવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૦૬/ન.બા.૧૯/અ**
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ-૨૬/૩/૨૦૦૭

**વંચાણે લીધા :** (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સરખા ક્રમાંકનો તાઃ-૨૦/૩/૯૯નો ઠરાવક્રમાંકઃસશપ/૧૧૯૭/ન.બા.૫-અ
(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૯૭/ન.બા.૫-અ તાઃ-૨૦/૩/૯૯
(૩) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો પત્રક્રમાંકઃવિજાક તલમ/૩૧૯/૦૬-૦૭/૮૦ તા.૨૦/૧/૨૦૦૭

ઠરાવ :-

ઉપર્યુક્ત વંચાણે લીધેલ આ વિભાગના તા.૨૦/૩/૯૯ અને તા.૬/૭/૦૧ના ઠરાવથી રાજ્યના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને કોમર્શીયલ પાઈલોટ લાયસન્સ / ટ્રેઈની પાઈલોટની તાલીમ માટે રૂા.૪.૦૦ લાખની લોન વાર્ષિક ૪ % વ્યાજના દરે આપવાની યોજના અમલમાં છે. હાલમાં પાઈલોટની તાલીમ ખર્ચમાં ઘણો વધારો થયો છે. આ ખર્ચને પહોંચી વળવા ઉમેદવાર દીઠ કોમર્શીયલ પાઈલોટ લાયસન્સ / ટ્રેઈની પાઈલોટની તાલીમ માટે રૂા.૮.૦૦ લાખની લોન વાર્ષિક ૪ % વ્યાજના દરે આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આ યોજના અંતર્ગત રૂા.૪.૦૦ લાખ લોનની રકમ વધારીને રૂા.૮.૦૦ લાખની લોન વાર્ષિક ૪% વ્યાજના દરે આપવાનું આથી ઠરાવવામાં આવે છે.પ્રસ્તુત યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

(પાછળ)

વર્ષ ૨૦૦૭–૦૮ના અંદાજ પત્રમાં આ માટે કરેલ રૂા.૧૨.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

યોજનાનો અમલ તા.૧/૪/૨૦૦૭થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણીક્રમાંક–૯૨ અંદાજપત્રના સદર–૨૨૨૫,અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ–૦૩ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ–૮૦૦ અન્ય ખર્ચ–બીસીકે–૮૪,સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોને વાણિજિયક પ્રારંભીક યોજના ( કોમર્શીયલ પાઈલોટ ટ્રેનીગ ) માટે લોન હેઠળ થયેલ જોગવાઈમાં મેળવવાનો રહેશે.

૨. આ ઠરાવ આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ ઉપર નાણાંકીય સલાહકારશ્રી તા.૧૪/૩/૦૭ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**( ડી.પી.પરમાર )**
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

મંત્રીશ્રી,(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
મા.નાયબ મંત્રીશ્રી,(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુજરાત રાજય,ગાંધીનગર.
સર્વે નાયબ નિયામકશ્રી,(વિ.જા.)
સર્વે સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા )
નાણાં વિભાગ 'ક' શાખા ,સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત રાજય,અમદાવાદ / રાજકોટ.
પે એન્ડ એકાઉન્ટસ ઓફિસર,ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડિટ ઓફિસર,ગાંધીનગર.
બ– શાખા,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
પસંદગી ફાઈલ.

RAJ-NOT-07-1-2